# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-12-2025** **Evening : 7.00 to 7.10 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. બજારમાં વ્યાજબી ભાવે અને સરળતાથી ઘઉં મળી રહે તે માટે આગામી 31 માર્ચ સુધી સ્ટોક મર્યાદા અમલી બનાવાઇ
2. સાયબર ગુના શાખાએ 9 કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીના આરોપીને કચ્છમાંથી ઝડપ્યો
3. ગુજરાત પોલીસના 'ઓપરેશન કારાવાસ' હેઠળ 15 દિવસમાં 111 આરોપીની ધરપકડ
4. અમદાવાદની સેવન્થ ડે શાળાનો વહીવટ રાજ્ય સરકારે પોતાના હસ્તક લીધો
5. ગાંધીનગરમાં અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ ટુર્નામેન્ટનો આજથી શુભારંભ

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GHAU SANGRAHKHORI

કેન્દ્ર સરકાર દ્વારા બજારમાં વાજબી ભાવે અને સરળતાથી ઘઉં મળી રહે તથા સંગ્રહખોરી અટકે તે માટે આગામી 31 માર્ચ 2026 સુધી સ્ટોક એટલે કે જથ્થાની મર્યાદા અમલી બનાવવામાં આવી છે.

ઘઉંના સંગ્રહ કરવામાં સુધારો કરી ઘઉંની સંગ્રહખોરી અટકે અને બજારમાં ઘઉં સરળતાથી અને વાજબી કિંમતે ગ્રાહકોને મળે તે હેતુસર ઘઉંના વેપાર સાથે સંકળાયેલા વેપારી સંગઠન, જથ્થાબંધ અને છૂટક વેપારીઓ, બીગ ચેન રિટેઈલર્સ અને પ્રૉસેસર્સ પર સ્ટોક મર્યાદા દાખલ કરવામાં આવી છે. તેમાં ટ્રેડર, હોલસેલર માટે બે હજાર મૅટ્રિક ટન, રિટેલર અને બીગ ચેઈન રીટેલર માટે આઠ-આઠ મૅટ્રિક ટન તેમજ પ્રૉસેસર માટે 60 ટકા ક્ષમતા મુજબ મર્યાદા નક્કી કરવામાં આવી છે તેમ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયું છે.

-------------

# KUTCH CYBER FRAUD

રાજ્ય સાયબર ગુના શાખાએ 9 કરોડ રૂપિયાથી વધુની રકમની સાયબર છેતરપિંડીના આરોપીને કચ્છમાંથી ઝડપ્યો છે. આ આરોપીએ સોશિયલ મીડિયા દ્વારા વરિષ્ઠ નાગરિકને રોકાણ કરાવી 10 હજાર રૂપિયાનો નફો પાછો આપીને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ વધુ રોકાણ માટે

અલગ-અલગ બેંક ખાતાઓ અને વોલેટમાં કુલ 9 કરોડ 72 લાખ રૂપિયાથી વધુનું રોકાણ કરાવી છેતરપિંડી કરી હોવાનું સાયબર સેન્ટર ઓફ એક્સલન્સના પોલીસ અધિક્ષક વિકાસ ભેડાએ જણાવ્યું.

(બાઇટ : વિકાસ ભેડા, SP)

----------

## OPERATION KARAVAS

જામીન કે પેરોલ પર છૂટ્યા બાદ જેલમાં પરત ન ફરનારા આરોપીઓને પકડવા ગુજરાત પોલીસે શરૂ કરેલ 'ઓપરેશન કારાવાસ' હેઠળ 15 દિવસમાં 111 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. માત્ર હ્યુમન ઇન્ટેલિજન્સનો જ નહીં, ટેકનિકલ સર્વેલન્સનો પણ અસરકારક ઉપયોગ કરીને આ આરોપીઓને પકડવામાં સફળતા મળી હોવાનું રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું.

(બાઇટ : વિકાસ સહાય – DGP)

----------

## SEVENTH DAY SCHOOL DECISION

અમદાવાદની સેવન્થ ડે શાળાનો વહીવટ રાજ્ય સરકારે પોતાના હસ્તક લઈ લીધો છે. શાળામાં એક અઘટિત ઘટના બન્યા બાદ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી જેણે સોંપેલા અહેવાલમાં શાળામાં ગેરરીતિ અને અનિયમિતતા સામે આવી હતી જેણે પગલે આ નિર્ણય લેવાયો હોવાનું શિક્ષણ મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ જણાવ્યું.

(બાઈટ : ડૉ.પ્રદ્યુમન વાજા, શિક્ષણ મંત્રી)

----------

## KALOL STOPPAGE

ગાંધીનગરના કલોલ રેલવે મથકે ચાર ટ્રેનના સ્ટોપેજનો આજથી શુભારંભ થયો. આ ચાર ટ્રેનમાં વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ, દિલ્હી સરાય રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ, જોધપુર-KSR બેંગલુરુ એક્સપ્રેસ અને મુજફ્ફરપુર-સાબરમતી જનસાધારણ એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

આ સ્ટોપેજનો શુભારંભ કરાવતા ધારાસભ્ય લક્ષ્મણજી  ઠાકોરે કહ્યું, આ નિર્ણયથી કલોલ તેમજ આસપાસના વિસ્તારના મુસાફરોને સુલભ અને સમય બચાવે તેવી સુવિધા મળશે. ઉલ્લેખનીય છે કે કલોલ રેલવે મથકનો 44 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે.

----------

## DIMOLETION- DISTRICT

મોરબીમાં પોલીસ વિભાગ દ્વારા ગેરકાયદેસરના બાંધકામો દૂર કરવાની કામગીરી હાથ ધરાઇ. મહેન્દ્રનગર ગામ પાસે ઇન્દિરાનગર વિસ્તારમાં બે મકાન હટાવી કુલ 350 ચોરસ મીટર જગ્યા ઉપર કરવામાં આવેલ દબાણો દૂર કરવામાં આવ્યા. આ કામગીરીમાં ૩ કરોડથી વધુની કિંમતની જમીન પરથી દબાણ દૂર કરાયું.

બીજી તરફ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢના ભડુલા વિસ્તારમાં નાયબ મામલતદારની આગેવાનીમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કામગીરી હાથ ધરાઇ.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# RAIL- UPDATE

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળની કેટલીક ટ્રેનોના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે.

આ સુધારેલી સમયસારણી 22 ડિસેમ્બર 2025 થી અમલમાં આવશે. તે મુજબ રાજકોટ–પોરબંદર લોકલ ટ્રેન રાજકોટથી 8.35ને બદલે 8.50 એ ઉપડશે. વેરાવળ–રાજકોટ લોકલ ટ્રેનના ભક્તિનગર સ્ટેશન પર 9:04 વાગે આવશે અને 9.06 વાગે પ્રસ્થાન કરશે. પોરબંદર–રાજકોટ ટ્રેન ભક્તિનગર સ્ટેશન પર 10 ને બદલે 9:50 મિનિટે આવશે અને 10:01 ને બદલે 9:52 મિનિટે ઉપડશે. રાજકોટ–વેરાવળ લોકલ ટ્રેન 8 ને બદલે 7.55 ઉપડશે.

-------------

## AMTS-BRTS DECISION

અમદાવાદમાં નાગરિકોને હવે AMTS-BRTS પાસ માટે કતારમાં ઊભા રહેવાની જરૂર નથી. મહાનગરપાલિકાએ 'i Pass Ahmedabad' એપ શરૂ કરી છે. જેનાથી વિદ્યાર્થીઓ, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગજનો સહિત દરેક મુસાફર પોતાનો પાસ ઘરે બેઠા ઓનલાઈન મેળવી શકે છે.

આ અંગે અમદાવાદ શહેરી બસ સેવા સમિતિના અધ્યક્ષ ધરમશી દેસાઈએ જણાવ્યું, આ પ્રયાસથી જાહેર પરિવહનનો ઉપયોગ વધશે.

(બાઈટ: ધરમશી દેસાઈ, ચેરમેન, AMTS કમિટી)

----------

## PANCHAMAHAL SEMINAR

પંચમહાલ જિલ્લાના ગોધરામાં "મલ્ટી ડિસિપ્લિનરી– સાયન્સ, આર્ટ્સ, કોમર્સ તથા હ્યુમેનિટીઝ : ભારતમાં સતત વિકાસ" વિષય પર રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરાયું. જુનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડો. વી.ટી. ચોવટીયાએ તેનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે ગુજરાત અને ગુજરાત બહારના 200થી વધુ સંશોધક, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનાર દરમિયાન વિવિધ કોલેજમાંથી આવેલા સંશોધકોએ 120 સંશોધન પેપર રજૂ કર્યા હતા.

----------

## CIVIL SERVICES LAWN TENNIS

ગાંધીનગરમાં આજથી અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ ટુર્નામેન્ટ 2025-26નો શુભારંભ થયો. રાજ્યના મુખ્ય સચિવ એમ.કે.દાસે આ સ્પર્ધાનો પ્રારંભ કરાવતા જણાવ્યું, આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ખેલાડીઓએ જીતેલા ચંદ્રક ભારતના આત્મવિશ્વાસ, પ્રતિબદ્ધતા અને વૈશ્વિક પ્રતિષ્ઠાનું પ્રતીક છે, 22 ડિસેમ્બર સુધી યોજાનાર આ સ્પર્ધામાં રાજ્ય- રાષ્ટ્રીય કક્ષાની કુલ 28 ટીમના 266 ખેલાડીઓ સહભાગી થયા છે, જેમાં 187 પુરુષ અને 79 મહિલા ખેલાડી સામેલ છે.

----------

## BOTAD SANSAD KHEL MAHOTSAV

બોટાદ- ભાવનગર ક્ષેત્રના સાંસદ મત વિસ્તારમાં બોટાદ આદર્શ સંકુલ ખાતે આજથી ત્રણ દિવસ સુધી સાંસદ ખેલ મહોત્સવનો પ્રારંભ થયો. જેમાં આજે દોડ, કબડ્ડી, ગોળાફેંકની સ્પર્ધા યોજાઇ. આ ખેલ મહોત્સવમાં વિજેતાને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરાયા. આગામી દિવસમાં લીંબુ ચમચી, સંગીત ખુરશી સહિત અન્ય રમતો રમાડવામાં આવશે.

----------

## WEATHER

આગામી 24 કલાક સુધી રાજ્યના લઘુત્તમ તાપમાનમાં મોટો ફેરફાર નહીં થાય. જો કે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 24 કલાક બાદ લઘુત્તમ તાપમાનમાં બે થી 3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે.

દરમિયાન છેલ્લા 24 કલાકમાં 11 ડિગ્રી સેલ્સીયસ લઘુત્તમ તાપમાન સાથે કચ્છ જિલ્લાનું નલિયા સૌથી ઠંડુ સ્થળ બન્યું છે. જ્યારે અમરેલી અને પોરબંદરમાં 14 ડિગ્રી તેમજ અમદાવાદમાં 15 ડિગ્રી સેલ્સીયસ લઘુત્તમ તાપમાન  નોંધાયું છે.

----------

## SKOP EXAM- DANG

સ્કોપ પરીક્ષામાં ડાંગ જિલ્લાના આહવાની સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજને સાઉથ ગુજરાત ઝોનમાં પ્રથમ ક્રમ મળ્યો છે. આ કોલેજ છેલ્લા બે વર્ષથી 100 ટકા વિદ્યાર્થીઓનું નોંધણી અને પરિણામ પ્રાપ્ત કરેલ છે.

કેમ્બ્રીજ યુનિવર્સિટીના સિલેબસ મુજબ A ગ્રેડ થી C1 લેવલ સુધી ગ્રેડ મળેલ હોય તેને નોકરી માટે લાયક ગણવામાં આવે છે અથવા તો વિદેશ જવા માટે લાયક ગણવામાં આવે છે.

----------

## GIRSOMNATH VGRC

કચ્છ-સૌરાષ્ટ્ર પ્રાદેશિક પરિષદ પૂર્વે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં આજે જિલ્લા સ્તરીય વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ યોજાઇ. આ કાર્યક્રમમાં વિવિધ ઔદ્યોગિક એકમો સાથે 270 કરોડ રૂપિયાથી વધુના સમજૂતી કરાર-MoU પર હસ્તાક્ષર થયા, જેનાથી જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ અને રોજગાર સર્જનને વેગ મળશે.

----------